ओ३म्

गोरक्षा प्रबोध.

(સંવાદરૂપે લોકપ્રિય ગાયનોમાં)

રચનાર,

શ્રી જામનગર નિવાસી,

વૈદ્ય દુર્લભદાસ વિ. શ્યામજી ધ્રુવ—અમદાવાદ.

અંક ૨ જો.

પ્રકટ કરનાર,

સત્યશોધક મંડળી.



અમદાવાદ—"વિજય પ્રવર્તક" પ્રેસ.

મૂલ્ય બે આના.

સંવત્ ૧૯૪૮ સન ૧૮૯૨.

अर्पणपत्रिका.

પરમશુભેચ્છક,

સ્નેહી શ્રી—

પરીખ ભાઇલાલ નગીનદાસ.

ગીતિ.

પરમ સ્નેહી છો મારા, ગોરક્ષણને પ્રધાન ગણનારા;
સત્યે અનુસરનારા, અનુચિત કાર્યો સદૈવ તજનારા.
વ્હેમ થકી રહી ન્યારા, તમે કર્યા છે સદ્ગુણને પ્યારા;
કાવ્યામૃતના રસનું, પાન કરી ને રસમાં રમનારા.
જેમ કુશળ વ્યાપારે, તેમ કુશળ છો સ્વધર્મમાં સારા;
વેદ વાક્યમાં પ્રેમી, વિમળ વચનને ઉરમાં ધરનારા.
લઘુ પુસ્તક આ અરપું, ગોરક્ષામાં ભાવ પુરો નિરખી;
ગો હિતમાંજ તમારી, પ્રભુ રાખશે નજર એક સરખી.

અક્ષયત્રતીયા. ⎫
૨૯-૪-૯૨. ⎭ દુ. શ્યા. ધ્રુવ.

સ્વદેશીઓને સૂચના.

સર્વ શક્તિમાન પરમ કૃપાળુ પરમેશ્વરના અનવધિ દયાપણું અને ઉપકારનું ચળકતું ચિત્ર ચર્મચક્ષુ વડે નિહાળવા છતાં જેના હૃદયચક્ષુ ઉઘડતા નથી તે માણસ **શારીરોન્નતિ, આત્મોન્નતિ** અને **સામાજીક ઉન્નતિ** કરવામાં કોઈ પણ રીતે સમર્થ થઇ શકતો નથી. કેટલાએક એવું પાંડિત્ય ચલાવે છે કે પ્રથમ કુટુમ્બની, પછી સ્નેહી–સંબંધીની, પછી જ્ઞાતિની અને પછી દેશની એમ ક્રમેકરીને ઉન્નતિ કરવી જોઇએ, પરંતુ હું તેઓને એટલુંજ પૂછવા માગું છું કે દેશની ઉન્નતિમાં કુટુમ્બની, સ્નેહી-સંબંધીની કે જ્ઞાતિની ઉન્નતિનો સમાવેશ થઇ શકતો નથી? શું તમારૂં કુટુમ્બ, તમારા સ્નેહી--સંબંધી અને તમારી જ્ઞાતિ દેશથી બહાર છે? હું કહું છું કે દેશના ઉદયમાંજ સર્વના ઉદયનો સમાવેશ થઈ શકે છે. એક આર્ય વિદ્વાન કહેછે કે:—

अयंनिजः परोवेत्ति गणना लघु चेतसाम् ।
उदार चरितानांतु वसुधैव कुटुम्बकम् ॥

ભાવાર્થ—આ મારૂં અથવા આ પારકું, એ ટુંકા મનવાળાની ગણત્રી છે. ઉદાર ચરિતવાળાઓને તો જગત્ એજ કુટુમ્બ છે.

જુવો, સન્માર્ગે વિચરનારા +આપ્ત પુરૂષનો એ કેવો ઉત્તમ ઉપદેશ છે. આંગ્લભૂમિમાંના ઉત્તમ અંગ્રેજો પણ એવાજ વિચારો ધરાવે છે. એક અંગ્રેજ વિદ્વાને પણ કહ્યું છે કે:—

My country is my home મારો દેશ એજ મારૂં ઘર છે.

+મહાન.

ઉપર પ્રમાણે વિચાર દર્શાવનારા મહાન પુરૂષોને પગલે ચાલવું એ મનુષ્ય માત્રનો ધર્મ છે. તમામ મનુષ્યો કાંઇ વિદ્વાન હોતા નથી. જે વિદ્વાનના વચનોને માન આપીને ચાલે છે તે ક્રમેકરીને વિદ્વાનોની પંક્તિમાં બેસવાને તેમજ બોલવાને લાયક થઇ શકે છે એ સૃષ્ટિનો સામાન્ય નિયમ છે. કોઇ પણ વિદ્વાન થઇને અથવા તેના રૂપમાં અવતરતો નથી. જેમ જેમ દિવસો જતા જાય છે તેમ તેમ સંસ્કારી જીવ વિદ્વાનનું અનુકરણ કરવાથી વિદ્વાન થઈ જાયછે, કેમકે જીવ કર્મ કરવામાં સ્વતંત્ર છે અને ફળ ભોગવવામાં પરતંત્ર છે. વિદ્વાનનું કર્તવ્ય વિદ્વાનોજ જાણી શકે છે એ વાત જો કે ખરી છે, પરંતુ લોકોપયોગી વિષયનું જ્ઞાન તો પ્રત્યેકને હોવું જોઇએ. સર્વ માન્ય સત્ય તે સત્યજ છે અને જે સર્વમાં અમાન્ય તે અસત્ય છે એટલી સત્યાસત્યની વ્યાખ્યા સમજાય તો સત્વર દરેક વિષયનું જ્ઞાન થઇ શકે છે, પરંતુ જેનામાં સ્વાર્થબુદ્ધિ કે દુરાગ્રહ હોય છે તેઓ કોઈ વાતે સમજી શકતા નથી વા સમજી શકે છે તો માનતા નથી.

આજકાલ સમજુવર્ગનું લક્ષ ઘણી ઘણી બાબતો તરફ ખેંચાયું છે જેમાં એક બાબત ગોરક્ષાની પણ છે. ગવાદિ શીંગડાંવાળાં ઉપયોગી પશુઓનો હિંસકોને હાથે નાશ થવાથી દેશની દુર્દશા થતી જાય છે, જમીન રસ કસ વગરની થઈ છે, ખેતી કરવાનાં સાધનો માટે ખેડુતો પૈસાની તંગીને લઇને વલખા મારે છે એટલુંજ નહિ, પરંતુ તેઓને વ્યાજખોરા વ્યાપારીઓ ચુસી પણ લે છે, અનાજની મોંઘવારી તો ચાલુજ રહી છે, આબરૂદાર લોકો જ્ઞાતિ અને રૂઢિના બંધનમાં બંધાઇ ગયા છે અને કંગાળ

લોકો ભિક્ષાદેવીના ભકત બનીને ઠામ ઠામ ચપટી લોટ કે રો-ટલાના કકડા માટે ભટકયા કરે છે, જેમાં બ્રાહ્મણોએ તો હદ-વાળી છે!

ભારતવર્ષની હાલત કેવી શોકજનક છે તેનો આબેહુબ ચિતાર આપવા માટે એક -હૃદયભેદક લાવણી **નવલસિંહ** નામના એક મહાશયે હિંદુસ્તાની ભાષામાં બનાવેલી છે તે આ સ્થળે અહુજ અગત્યની ધારી ટાંકી બતાવું છું:—

લાવણી.

ભારતમેં સબ નરનારી પચ્ચીસ કરોરકા કિયા સુમાર;
સજ્જન જન સબ ધ્યાન ધરેં, અબ ઉન્કે કામકા કરૂં બિચાર.
બારા કરોર ઈન્મેં નારી હૈં, હસ્તે પીટતે કટતિ ઉમ્મર;
એક કરોર લડકે લડકિયાં, જો ખેલકૂદમેં રહે દિનભર.
ગ્યારા કરોરમેં તીન કરોર જો, ભીખ માંગતે હૈં દર દર;
દો કરોર તીરથ યાત્રામેં, બારા મહીને રહે નહીં ઘર.
આગે રહે અબે સાત કરોર, અબ ઉન્કે સુનાઉં કારોબાર;
સજ્જન જન સબ ધ્યાન ધરેં, અબ ઉન્કે કામકા કરૂં બિચાર.
એક કરોર હૈં ઇસ ઝગડેમેં, ભંગકા લોટા ચરસકા દમ;
તાન ચાદરા સોઈ રહે હૈં, આય ગયેકી કુછ નહીં ગમ.
એક કરોર પી શરાબ ફિરતે, તરંગમેં બકતે બેઢંગ;
એક કરોર ચકલે ચક્રરમેં, પુકારતે હાય સનમ સનમ!
ચાર કરોર આગે રહે અબે, એક કરોર ઇન્મેં બીમાર;
સજ્જન જન સબ ધ્યાન ધરેં, અબ ઉન્કે કામકા કરૂં બિચાર.
લાખો ઈન્મે ચોર ઉચ્ચકે, લાખો ઇન્મેં જૂયેબાજ;

લાખો ઇન્મેં નાચ ભજનિયાં, લાખો ઇન્મેં દીન અપાજ.
તાશ પતંગ કબુતર ગંજીફા, શતરંજ હૈં સબ ઉન્કે કાજ;
ધન ધન તુજકો ભારતભૂમિ, તું ખાનેકો દેતી અનાજ !
જો કુછ ઇન્મેં કરતે યોગ વો લડ ભિડ ગયે કચેરી દ્વાર;
સજ્જન જન સબ ધ્યાન ધરેં, અબ ઉન્કે કામકા કરૂં બિચાર.
પુરૂષારથકો છોડદિયા ઔર, ખા લિયા હમને મેવા ફૂટ;
ઇલ્મ હુન્નરસેં કામ નહીં, આપસમેં કર રહે ફૂટમ ફૂટ.
આન બિદેશી ખેલ ખેલાને, દિખાકે ધન સબ લે ગયે લૂટ;
સત જો હો તો ગ્રહન કરો, ઔર ઉસે ત્યાગિ દો જો હો જૂંઠ.
નવલસિંહ કહે હો સુધાર જબ પરસ્પર હમ તુમ કરલે પ્યાર;
સજ્જન જન સબ ધ્યાનધરે, અબ ઉન્કે કામકા કરૂં બિચાર.

આવી રીતે આપણો દેશ વિપત્તિરૂપ અગ્નિના કુંડમાં ખરૂં કહીએ તો હોમાઈ ગયો છે. દેશમાંનો ઘણોખરો ભાગ અજ્ઞાન હોવાથી ઘોર નિદ્રામાં પડેલો છે. જો કે કેટલાએક પરોપકારી પુરૂષો યથાશક્તિ દેશનું હિત કરવાની ઇચ્છા કરે છે અને મથે છે પણ ખરા, પરંતુ તેઓના વિચારને જોઇએ તેવીરીતે પુષ્ટિ મળતી નથી એ કાંઇ ઓછા ખેદની વાર્ત્તા નથી. દેશ જાગૃત તો થયો છે, પણ હજુ જેટલે દરજ્જે જાગૃતિની જરૂર છે તેવી જાગૃતિ આવી નથી. જેનામાં જાગૃતિ આવી છે તે લક્ષ્મીથી રહિત છે અને જેનામાં જાગૃતિ નથી આવી તે ધનવાન છે ! આમ વિરૂદ્ધાભાસ થયો છે એ પણ દેશના દુર્ભાગ્યનું મુખ્ય કારણ છે.

ગોરક્ષાનો પ્રથમ ઝુંડો પકડનાર અને તે સંબંધે ઉપર પ્રયત્ન કરનાર તો પરમપૂજ્ય શ્રીયુત શ્રી ૧૦૮ સ્વામિ દયાનંદ સર-

સ્વતી હતા. એ મહાન પુરૂષે વેદધર્માનુસાર જે જે બીજ વાવ્યા છે તેના મિષ્ટ ફળો ભારતપ્રજા ક્રમેક્રમે અવશ્ય ચાખશે એમાં તો કશો શક નથી, તથાપિ એ સત્પુરૂષનું મૃત્યુ તો **આર્યાવર્તના** નિવાસીઓને અત્યંત સંતાપજનક થઇ પડયું છે. જો એ બાદ પુરૂષનું જીવિત માત્ર બાર પંદર વર્ષ સુધી પણ ટકયું હોત તો આ **ભારતવર્ષમાં સર્વત્ર આર્યધર્મનું** સ્થાપન થઇ શકત. સ્વામિજીના સંબંધમાં એક વિદ્વાન શું કહે છેઃ—

સવૈયો.

બિધા પ્રચાર કિયો જગમાંહિ, સમૂલ અબિઘાકો ખોદ બહાયો;
મેટિ પ્રપંચકે જાલ સબે અરૂ, સત્ય સનાતન ધર્મ બતાયો.
પાલનહીન અનાથનકો અરૂ, કોટિન ગૈયોંકો પ્રાન બચાયો;
સોવત ભારત નિંદ અચેત સો, સ્વામિ દયાનંદ આન જગાયોં.

આહા ! સ્વામિ **દયાનંદજી** એવાજ હતા, પરંતુ કાળની ગતિ ન્યારી છે એટલે નિરૂપાય થયાવિના રહેવાતું નથી. હાલમાં **ગોરક્ષાનો** કાંઈ પણ પ્રચાર થયો હોય અથવા થતો હોય તો તે પ્રતાપ સ્વામિજીનોજ છે, કેમકે **ગોરક્ષાનું** બીજ વાવનાર એજ હતા. સ્વામિજીના મૃત્યુની નોંધ લેતા એક વિદ્વાન પોતાના પુસ્તકમાં લખી ગયો છે કેઃ—

દુહો.

કર કંપે લિખની ડિગે, ચિત હોજાત નિરાશ;
દયાનંદ મહારાજકો, સુની સ્વર્ગમેં બાસ.

પ્રસિદ્ધ પંડિત ગદુલાલજી પણ **ગોરક્ષાના** સંબંધમાં સ્તુતિપાત્ર યત્ન કરેછે. પંડિતજી વારંવાર કહે છે કે હું જેમ

અંધ થયો છું તેમ તેની સાથે બ્હેરો થયો હોત તો બહુ સારૂં થાત! કેમકે મારે "આર્યખંડમાં ગોવધ થાય છે" એવું સાંભળવું પડે છે તેથી મને ઘણો ખેદ થાય છે. ધન્ય છે એ પંડિતજીને! અહા! એનું અંતઃકરણ કેવું કોમળ છે!

જામનગર નિવાસી સુપ્રસિદ્ધ રાજ્યવૈદ્ય **ઝંડુભટ્ટજી** તથા તેમના ન્હાનાભાઈ રસવૈદ્ય **મણિશંકર વિઠ્ઠલજી ભટ્ટ** કે જે રક્ષક ધર્માધ્યક્ષ પણ છે તે બન્ને આર્યબંધુઓ, "ગોરક્ષા શી રીતે કરવી અને ગોવધ શી રીતે અટકાવવો" તે સંબંધે પ્રસંગવશાત્ વખાણવા લાયક વિચારો પ્રદર્શિત કરે છે એ અત્યંત સંતોષ પામવા જેવું છે; કેમકે સૌરાષ્ટ્રવાસીઓને તે વિચારો વધારે કિમ્મતી થઈ પડશે.

પશુપાલન નહિ થવાથી ખેતીવાડીની સ્થિતિ તો બહુજ બગડતી ચાલી છે. ધર્મશાસ્ત્રને એકતરફ રાખીને વિચાર કરીએ છીએ તો પણ અર્થશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને વૈદકશાસ્ત્રની રીતે પશુપાલનાદિ કાર્ય અવશ્યનું ઠરે છે. ભારવાહક પ્રાણીઓ ભાર ઉપાડીને, દૂધવાળાં પ્રાણીઓ દૂધ આપીને અને ખેતીવાડીના કામમાં આવનારાં પ્રાણીઓ હળ ખેંચીને આપણી પાસેથી પોષણના પદાર્થો માગી શકે એ અર્થની, નીતિની અને વૈદ્યવિદ્યાની પદ્ધતિને અનુસરતુંજ છે. આપણે જેમ પગારના પ્રમાણમાં નોકરથી કામ લઈએ છીએ તેમજ પશ્વાદિક પ્રાણીઓને માટે પણ સમજવું. અર્થશાસ્ત્રની રીતે સિદ્ધ થાય છે કે અમુક કામ કરાવવા માટે આપણે અનુકૂળ પ્રાણીઓને રાખી તેનાથી લાભ મેળવીએ છીએ, નીતિના કાનુન પ્રમાણે મહેનતનો બદલો વાળવોજ જોઈએ અને વૈદકના નિયમ પ્રમાણે તે સાજાસારા રહે તેને માટે પ્રમાણપૂ-

ષ્ટક ખોરાક કે એવી કાંઇ પોષણની વસ્તુઓ વા ઔષધીઓ આપવી જોઇએ. જોકે એ ત્રણેમાં આપણી સ્વાર્થિક વૃત્તિનો સમાવેશ થાય છે અને એ ત્રણે નિકટ સંબંધી પણ છે, તથાપિ એમ થવું તેમજ આપણે એ પ્રમાણે વર્તવું એ માણસ માત્રનો*સામાન્ય ધર્મ છે. વિશેષધર્મમાં તો દયાનાં અંશનો સમાવેશ થઈ શકે છે અને એ પણ મનુષ્યની વૃત્તિનું ભૂષણ છે.

अहिंसा परमो धर्मः આ વાક્ય કેવું મૂલ્યવાન છે! જ્યારે ઉંડા ઉતરીને વિચાર કરીએ છીએ ત્યારે પ્રત્યક્ષ દેખાઈ આવે છે કે ધર્મના કાનુનો પણ અર્થશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને વૈદકશાસ્ત્રને અનુસરીનેજ રચાએલા છે. પ્રાણી માત્રની હિંસા ન કરવી એ મનુષ્ય પ્રાણી કે જે પ્રાણી સારાસાર સમજવાની શક્તિ ધરાવે છે તેનો ખાસ ધર્મ છે. દેશનુ ઉત્પાદક બળ ઘટે તો પેદાશ પણ ઘટી જાય છે. આપણા દેશનું ઉત્પાદક બળ વધારવું હોય અને ફરીને શાન્તિનો સમય જોવો હોય તો પશુઓનું પાલન કરવું એજ ખરો માર્ગ છે. યુરોપાદિ ખંડમાં ઘોડાઓનું કેવીરીતે પાલન થાય છે એ તમે જો એકાદ

---

*કાચવાળા ફાનસમાં દીવો રાખવાથી દીવાનું પવનમાંથી અને જંતુનું અગ્નિમાંથી રક્ષણ થાય છે, પણ એ બેય હેતુ સાચવવા માટે કાચવાળા ફાનસ કરવામાં આવતા નથી. પવનથી દીવો ન બુઝાય માટે કાચવાળા ફાનસ કરવા જોઇએ એમ જે વિચારવું તે સામાન્ય ધર્મ કહેવાય છે અને તેની સાથે જંતુના બચાવનો પણ વિચાર કરવો તે વિશેષ ધર્મ કહેવાય છે. જો કે હેતુ તો બેય સચવાય છે.

પુસ્તક દ્વારા વાંચો તો આશ્ચર્ય પામ્યા વગર રહો નહિ, કેમકે એ ખંડમાં ઘણુંકરીને ખેતી અને વાહનમાટે ઘોડાઓનેજ ઉપયોગમાં લે છે. જો કે આમ છે ખરૂં, તોપણ ત્યાં ગોવધ થતો નથી! "ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ટ ચાકરી અને નફટ ભીખ" શું એ સોનેરી કહેવતને વિસારવી જોઇએ! આપણા દેશનું દ્રવ્યજ પશુઓ છે.

પ્રિય બાંધવો, આ વાત સાંભળીને તમને કંપારી છૂટતી નથી? આપણા દેશના ઉપયોગી પણ અવાચક પ્રાણીઓ વગર મ્હોતે ક્રૂરને હાથે કપાઈ જાયછે, રહેંસાઇ જાયછે અને આપણે દિનપ્રતિદિન દુર્દશામાં આવતા જઇએ છીએ! શું તમે બિલકુલ ચેતશોજ નહિ? જ્ઞાતિભાઇઓના ઘરમાં તો એક રાતનું વાળુ ઉગેરે છે પણ તેને માટે તમે લોકલાજમાં લપટાઇને હજારોના ખરચ કરી નાંખી ખુવાર બનોછો! જ્યાં પાઈ વાપરવી ન ઘટે ત્યાં રૂપીઓ વાપરીને મોજ માનોછો! અરે હાય! અફસોસ!! શું તમે દેશનું ઉત્પાદક બળ વધારશો તો તમારૂં બળ નહિ વધે? તમે મોંઘવારીથી ઘસાઇ ગયા, ઘી દૂધ વગરના નિસ્તેજ થયા અને મને કહેવા દો કે ઉદ્યોગ વગરના અંધ બન્યા! શું તમે રૂઢિદેવીને વશ થઇને તમારી, તમારા કુટુંબની, તમારી જ્ઞાતિની અને છેવટે તમારા દેશની પાયમાલી નથી કરતા? શું એ પાયમાલીમાંથી તમારા સંતાનો બચી શકશે? કદાચ તમે એ વિપત્તિ નહિ જોઈ શકો તો તમારા સંતાનો જોશે. એટલે એકનું એક. વ્હાલા આર્યો, તમે હિંદુ નથી. તમે આર્ય છો. તમને દુર્દૈવે આવા અયોગ્ય બંધનમાં બાંધ્યા છે તે છૂટશો કે નહિ? તમારૂં સુખ

દુઃખ તમારાજ હાથમાં છે. ' કરે તે ભરે ને વાવે તે લણે ' એ કહેવત શું વિસારે પડી ? દેશનું ઉત્પાદક બળ નહિ વધારો તો ખાશો શું ? પહેરશો શું ? ઓઢશો શું ? અનાજની ઉત્પત્તિ ઘટવાથી ભૂખે મરવું પડશે, રૂની ઉત્પત્તિ ઘટવાથી નાગા ફરવું પડશે અને ઉનની ઉત્પત્તિ ઘટવાથી ટાઢે ઠરવું પડશે. એનું નામ ત્રગડો ! અર્થાત્ આમ ત્રણે પ્રકારે આપણને દુઃખ વેઠવું પડશે માટે ચેતો અને કાંઇક પુખ્ત વિચાર કરો. મહાત્મા પુરૂષોએ જે બીજ વાવ્યું છે તેને સહાયતારૂપી જલ પાઇને પુષ્ટ કરશો, વધવા દેશો અને ફલપ્રદ કરશો તોજ તમે આર્ય કહેવાશો.

પ્રથમ તો કસાઇના હાથમાં ગાય ન જાય તેનો દરેક જ્ઞાતિમાં પ્રતિબંધ થવો જોઇએ. કોઈ અસ્તના કારણથી પશુનું પાળન કરી શકતો ન હોય અને તે વેચવા માગતો હોય તો એ સંબંધે નિમાએલી મંડળી મારફત વેચી શકે. જો વતનમાં વા નજીકમાં ગોરક્ષક મંડળી તરફથી સ્થપાએલી અથવા કોઇ પરોપકારી ગૃહસ્થે પોતાના ખરચથી સ્થાપેલી ગોશાળા હોય તો ત્યાં વેચાતી આપે કે મરજી હોય તો મફત આપે. દયાળુ જૈનોનું કામ જો કે ઘણુંજ પ્રશંસાનું પાત્ર છે અને તે ભાઇઓને હજારવાર ધન્યવાદ આપવો ઘટે છે, પરંતુ તેઓ કસાઇના હાથમાંથી ગાય છોડાવતી વખતે બીજી બાબતોનો વિચાર કરતા નથી, અને એક મ્હોટામાં મ્હોટી ભૂલ કરે છે; તે મારે આ સમયે જણાવવી જોઇએ. બહુવાર એવું બને છે કે કસાઈઓ એકાદ ગાય લઇને જૈનોના લતામાં નિડરતાથી ફરતા ફરેછે અને તેનું ધ્યાન જેમ પોતા તરફ ખેંચાય તેમ વરતે છે. જૈન ભાઈઓ ગમે તેમ કરીને તે ગાયને છોડાવે છે જેથી કરીને તે લોકો

ને વધુ ઉત્તેજન મળે છે અને તેઓ વધારે દુષ્ટતા કરે છે. કારણ કે આવે પ્રસંગે તેઓને બમણા, ત્રણગણા કે તેથી પણ વધારે દામ મળે છે. આના કરતા ખરો રસ્તો તો એજ છે કે એવા દુષ્ટ લોકોના હાથમાં ગાય આદિ પ્રાણી જવુંજ ન જોઇએ. મુસલમાન ભાઇઓ તો પોતાના પાળેલા ઢોરોને કદી પણ વેચતા નથી. જે વેચે છે, તે લોકો હિંદુના રૂપમાં કેવળ નીચ કે ચાંડાલોજ હોયછે, અને તે-ઓજ દેશની ખરાબી કરે છે.

શિખરિણી.

થવું સાચા પ્રેમી, ગુણ ગ્રહણમાં આળસ તજી;
ભમો છો ભૂલ્યા શું, અચળ સમજીને *જર હજી;
નથી કાંઈ એમાં, તમ સમ ઘણાએ ગત થયા;
કહો વ્હાલા શું શું, બહુ મથનમાં એ લઈ ગયા ?
સદા આવે સંગે, સગુણ ગણરૂપી ધન ખરૂં;
નહી એ તો ખૂટે, ખરચ કરવાથી † 'પણ' કરૂં.
વધારે વ્હાલી છે, જગત્પતિને પ્રીતિ મનની;
ક્રિયાથી તે પાળો, ગણિ સુખદ શિક્ષા સુજનની.
કહ્યું મારૂં માનો, ઘટઘટ ફરો શું ભ્રમ મહીં;
અહીં તો ચાલે છે, પણ કદિ ન ચાલે મદ તહીં.
વિશેષે વાણીમાં, છળ બળ તણું કામજ નથી;
ધરો શ્રદ્ધા સાચી, પરમ મુનિઓનાં વચનથી.
મનસ્વી ફાંટાના, ફિતુર કરિ શાને ભટકવું;
રહે છે અંતે તો, અફળ થઈ પાછું છટકવું !

---

* ધન. † પ્રતિજ્ઞા.

પૃથા વાંકા ચાલો, મનુમત સ્વિકારો પ્રથમથી;
સુધારાને નામે, નહિ હઠ કરો ન્હાનમ નથી.
કરો ગોની સેવા, નથિ ઘટવિ લજ્જા તમ તણી;
વિચારો શું વીરા, ઉર ઉપજશે હિમ્મત ઘણી.
થયા છો શાણા તો, અમ હૃદય સંતોષિત થયું;
વધારે આનંદું, સુખકર કરો જો મમ કહ્યું.

છેલ્લીવારે મારે કહેવું જોઇએ કે હિંદુ, પારસી, મુસલમાન તથા અહીંના વતની જેવા થઈ રહેલા યાહુદી અને અંગ્રેજોએ આ અગત્યના વિષય તરફ પુરતું ધ્યાન આપવું ઘટે છે. કેમકે દેશનું ઉત્પાદક બળ વધશે તો તમામ કોમ સુખી થશે. **ગોરક્ષા શતક** નામનું ગાયન રૂપી એક પુસ્તક તો મેં અહીંની ગોરક્ષણી સભાની માગણીથી રચીને બહાર પાડયું છે, જેની માત્ર બે માસમાંજ બે આવૃત્તિ તો થઈ ગઈ છે. પ્રથમાવૃત્તિની એક હજાર પ્રતિ તો અહીંની ગોરક્ષણી સભા તરફથી છપાઇ હતી અને બીજી આવૃત્તિની એક હજાર પ્રતિ ચરોતરમાં મફત વહેંચવા સારૂ વસોનિવાસી કેટલાક પુણ્યશાળી ગૃહસ્થોની મદદથી હમણાંજ છપાઈ છે. એ પુસ્તકની ત્રીજી આવૃત્તિ થવાનો જ્યાં સંભવ હતો એવામાં અહીંના પ્રતિષ્ઠિત ગૃહસ્થ તથા મારા પરમ સ્નેહી પરીખ **ભાઈલાલ નગીનદાસ** કે જે "અમદાવાદ ગોરક્ષક મંડળી" ની સ્થાપના કરવામાં સંપૂર્ણ અગ્રેસર છે અને તન, મન, ધનથી નિરંતર એજ પ્રયત્ન કરે છે તેની ભલામણથી મેં આ બીજું લઘુ પુસ્તક તૈયાર કર્યું છે. આશા છે કે, સ્વદેશનું હિત ઇચ્છનારો પ્રત્યેક ગૃહસ્થ, આ લઘુ પણ ખરી કિમ્મતના પૃષ્ટોમાં આવેલા ચિત્તાકર્ષક ગાયનો

ગાઈ વા ગવરાવી પરમ કલ્યાણને પામશે.

અમદાવાદ ગોરક્ષક મંડળી.

અમદાવાદ ગુજરાતનું પાયતખ્ત છે એમ ધારીને તેજ અમદાવાદમાં ગોરક્ષક મંડળી સ્થાપન કરવાનો વિચાર તો કેટલાએક સ્વદેશ શુભેચ્છકોના મનમાં પ્રથમથીજ ઘોળાયા કરતો હતો અને અવધવાસી **પંડિત વૈજનાથજી** તથા અન્ય ભદ્ર પુરૂષો તરફથી ઉપદેશ પણ થયા કરતો હતો, પરંતુ પ્રજાનો મ્હોટો ભાગ એ બાબતમાં અજાણ તેમજ નિરૂત્સાહી હોવાથી વચ્ચે તે કામ લગભગ માંડી વળાયા જેવું જણાતું હતું.

ઈશ્વરેચ્છા બળવાન અને **ગોમાતાનું** એટલું સુભાગ્ય હોવાથી **રા. માણેકલાલ હીરાલાલ કાનુંગા** નામના એક ઉત્સાહી માણસે, અહીંના પ્રતિષ્ટિત ગૃહસ્થ **પરીખ ભાઇલાલ નગીનદાસ** કે જેનું નામ હું ઉપર જણાવી ગયો છું તે ગૃહસ્થને આ વાત કહેવાથી, હાલમાં તે કામ પાછું જીવનવાળું થયું છે અને પરીખ **ભાઇલાલનો** મહેનત અને કાળજી વડે કેટલાએક આર્ય ગૃહસ્થો તરફથી અમુક અમુક રૂપીઆની રકમો પણ ભરાઈ છે.

આ કાર્યમાં **પરીખ મણિલાલ રણછોડદાસે** વખાણવા લાયક ઉદારતા બતાવીને એક સારી રકમ ભરી છે એટલુંજ નહિ, પરંતુ સદરહુ **પરીખ ભાઇલાલ નગીનદાસે** પણ એક ઘટતી રકમ ભરીને પોતાની ઉદારતાની સાબીતી કરી આપી છે.

આ સિવાય અહીંના પ્રસિદ્ધ વકીલ રાજ્યશ્રી ચીમનલાલ કપુરચંદે, ચોકસી ત્રીકમલાલ નારણદાસે, મહેતા છોટાલાલ મૂળચંદે તેમજ કેટલાએક બ્રહ્મ ક્ષત્રિય તથા બીજા ગૃહસ્થોએ પણ અમુક

અમુક **રકમ** ભરીને આ સાર્વજનિક કામ પ્રત્યે પોતાની ઉત્તમ ભાવના દર્શાવી છે, તેથી તે ગૃહસ્થોનો પણ ખરા અંતઃકરણથી સમજુઓએ આભાર માનવો ઘટે છે, અને હજુ વધુ આશા રાખવામાં આવે છે કે, દિનપ્રતિદિન આ પુણ્યનું કાર્ય, **જગદિશ્વરની** કરૂણા તથા પ્રેરણાથી વધારે ઉત્તેજનને પાત્ર થતું જશે. **તથાસ્તુ.**

मंगळाचरण.

શાર્દૂલવિક્રીડિત.

આરાધું **પરમેશ** હું વિનયથી, વિશ્વાસ પક્કો ધરી;
નિત્યે બુદ્ધિ પવિત્ર નાથ મુજને, આપો કરૂણા કરી.
પામીને ઉપદેશ ચિત્ત સુધરે, રાજા પ્રજાનાં સદા;
એવો પૂર્ણ પ્રભાવ સઘ પ્રસરો, આ દેશમાં સર્વદા.
સ્થાપી છે **પ્રભુ મંડળી** જય થવા, ઈચ્છા પુરી એ કરો;
તું છે દેવ દયાળ વ્યાપક બધે, આધાર ધારૂં ખરો.
આપો શ્રી **રસંરાજ** શકિત સુખદા, બે હાથ જોડી નમું;
ગાયોની પ્રતિપાલના જન કરે, એવી ક્રિયામાં રમું.

શિખરિણી.

સદા છો સત્વાંશી, સકળ ગણુનામાં પ્રથમ છો;
વિધાતા ધાતા છો, ત્રિભુવન પિતા છો પરમ છો.
કરૂણાકારી છો, પરહિત પ્રસંગે પ્રબળ છો;
પ્રકાશી પ્યારા છો, ઘટ ઘટ વસો છો અકળ છો.

માલિની.

જય જય ગુણ જ્ઞાતા, વિશ્વના ઓ વિધાતા;

નથિ તમ વિન ત્રાતા, કાયરે શાન્તિદાતા.
અનુપમ અવિનાશી, સાંભળો અર્જ મારી;
દિન દિન સુખ આપો, આર્યને શ્રેયકારી.

गोरक्षा प्रबोध.

(समस्त आर्य प्रभु प्रार्थना करेछे.)

સુરજ કુલ શોભિત નર વીર મહિપતી—એ રાગમાં.

દીનના નિભાવનાર છો પ્રભો તમે,
જોડી હાથ સર્વ સાથ વંદિયે અમે. દીનના૦
ગરીબ પ્રાણિ ગાયકષ્ટ શી રિતે ખમે,
પવિત્ર ભૂમિ છે છતાં કૃતઘ્ન બહુ દમે. દીનના૦
કૃપાળુ નાથ આપ ચિત્ત કેમ એ ગમે?
કરો સદૈવ પ્રેરણા ઉદાસિ તો શમે. દીનના૦
આર્યબાળ ‡પયવિના વિશેષ ક્રમક્રમે,
ખરાબી ખેડુની થઈ નિરાશીમાં ભમે. દીનના૦
આશરો તમારો એક તાત આ સમે,
તનનું, મનનું, ધનનું, દુખ કાપો, સુખ આપો,
સ્થિર સ્થાપો-સેવકો નમે દીનના૦

(आर्यना बाळकोनी प्रार्थना.)

દિલદારી કીનીરે—એ રાગમાં.

પય પાતું પ્યારારે (બે વાર.)

---

‡ દૂધ.

ભરી દે ભરપૂર (બે વાર.)
પ્રભુ કર ×નય, હરભય, કરજય, સવિનય,
વિનવે સૌ વિશ્વાધારારે—ભરી દે—પયપાતું.
પય વિન †શિશુ સહુ અતિશય વિલપે,
ટપક ટપક જલ ‡દ્રગથી વરસે,
થઇ +ક્ષય ધરિ *વય આહ! ¶લય;
થાય બાળનો, તારારે—ભરી દે—પયપાતું.

પ્રવેશ ૧ લો.

સ્થળ—આનંદાશ્રમ.

સુશીલરામ, સેવારામ, જય, વિજય અને બીજા શ્રોતાઓ.

સુશીલરામ—

મલ્હારનીધુનમાં—લરજે મોરા જીયરવા—એ રાહમાં.

પ્રિય સ્વદેશનું ભલું કરો, દેશ સુખી તો સુખી આપણે—પ્રિય.
જીવની હિંસા આર્યખંડમાં, અયોગ્ય સમજી ધ્યાન ધરો;
અટકાવો વધ સાવધ થઇને, ઉપદેશી વચનો ઉચરો—દેશ.
છેજ ક્ષીરમાં પોષક તત્વો, જયમ અમૃતનો હોય ઝરો;
સુખકારક બલબુદ્ધિ વધશે, વૈદકના મતથીજ ઠરો—દેશ.
ઉપયોગી પ્રાણીને કંઠે, શું મુકાય દુખરૂપ છરો;
જુલમ ન થોડો આળસ છોડો, સચેત થાઓ વીર નરો—દેશ.
આર્ય ધરા પાખંડે ઘેરી, એ અંતર અફસોસ પુરો;

×ન્યાય. †બાળક. ‡આંખોમાંથી. +ખેન. *આવરદા. ¶નાશ.

ધર્મ નામથી ઢોંગ વધ્યા પણ, નથી પકડતા માર્ગ ખરો--દેશ.
વધસ્થાન જ્યાં ત્યાં બંધાયાં, હાય! વધ્યો બહુ ભૂખમરો;
ભારતનું દૈવત કયાં ચાલ્યું ! વિષમ કાળ આવ્યો જબરો—દેશ.

સેવારામ— ગીતી.

'પણ' લઇને હું જાઉં, પશુ પાલનનો પ્રબોધ પ્રિય કરવા;
એક માસ પછિ નિશ્ચે, આવિશ પાછો તમ દર્શન કરવા.

સુશીલરામ—ધન્ય ધન્ય તુજ વાણી, જય વિજયને જરૂર લઇજા તું;
ગાયન ગોરક્ષાના, એ પણ ગાશે ખરૂં કહું છું હું.

સેવારામ—એ ઉપકાર તમારો, કદિ નહિ ભૂલું હું નિજ અંતરથી;
તમ શિષ્યો મમ ભ્રાતા, ગણું નિરંતર ખચીત તન મનથી,

જય **અને વિજય સાથે—ખુશ રહો સનમજા—એ રાહમાં**

ગુરૂ અમે છિયે તૈયાર, આપ કરૂણાથી;
અમે સેવારામના થઇશું બન્ને સાથી;
ગુરૂ સમાજમાં સંગીત, ગાયના ગાશું;
ગુરૂ, સેવારામની સાથ, અમે બે જાશું.

સુશીલરામ— ગીતિ

છો બાળક પણ ગુણમાં, વૃદ્ધ તુલ્ય છો તમેજ પુણ્યશાળી;
કરો જઈ તૈયારી, વૃત્તિ રહેજો તમારી ગુણવાળી.

સેવારામ—હું પણ મુજ ઘર પ્રત્યે, હવે જાઉં છું કરવા તૈયારી;
(જયવિજયને) તરત કરો તૈયારી, એજ ભલામણ છે તમને મારી.

(સેવારામ પોતાના ઘર તરફ જાય છે. જયવિજય તૈયાર થાય છે અને સુશીલરામ ધ્યાનસ્થ થાયછે.)

— * —

પ્રવેશ ૨ જો.

સેવારામનું ઘર.

સેવારામને શ્રીમતિ.

સેવારામ— માલિની.

અધિપતિ જગનો છે, સર્વને પોષનારો;
સફળ ૧જીવિત તેનું, એમ જે જાણનારો;
જગત સહુ કુટુંબી, ૨ વિશ્વમાં હું ૩પ્રવાસી;
પશુ સુખ જ્યમ પામે, એમ થાઉં ૪પ્રયાસી.

શ્રીમતિ—(પ્રવેશ કરીને) ગીતિ.

કરો કલ્પના શાની, પશુ શબ્દે શું વિચાર ધારો છો ?
નાથ કહોની મુજને, ૫ સુખદ કામ શું આપ વિચારો છો ?

સેવારામ—લાવણી—નરસીમેતા ભકત હરિના—એ રાગની

એક વર્ષમાં એક માસ તો, ભાષણ હું કરવા ધારૂં;
તનથી, મનથી, ધનથી, જનથી, ગોરક્ષા ગુણ વિસ્તારૂં.
ભરતખંડના વતની જો એ, વિષય સમજશે સુખકારી;
૬ હળનો, બળનો, ૭કળનો, ૮સ્થળનો, લાભ થશે તો બહુ ભારી.
વેદ વિહિત જે ધર્મ આર્યનો, હા! છોડીને હિંદુ થયા;
૯ વળમાં, ૧૦ચળમાં,૧૧ખળમાં,છળમાં,શાણા પણ ગુચવાઇ ગયા
અનાજ રૂ ઉત્પાદક બળદો, ગણાય જે તેની માતા;

૧જીંદગી. ૨ જગત. ૩ મુસાફર. ૪ મહેનત કરનારો ૫ સુખ આપનાર. ૬ ખેડવાનું હથિયાર. ૭ કળા, હુન્નર ૮ જમીન. ૯ હઠ. ૧૦ નાશવંત. ૧૧ મૂર્ખ.

૧ અમથી, ૨ તમથી ૩દમથી ૪ ગમથી હાય! મરે તે પયદાના.
અકાળ મૃત્યુ આમ થવાથી, ગોધન ઘટતુ જાય ઘણું;
રસમાં, કસમાં, યશમાં, ૫ નસમાં, થાય ઘટાડો દુખ બમણું.
ગો મંડળનું રક્ષણ કરવા, ચતુર નરો જો ચિત્ત ધરે;
૬ રતિતો, ગતિતો, ૬રતિતો, ૭ધૃતિતો, વધી જાય ૮ ભારત સુધરે.
આર્ય ભૂમિનું દ્રવ્ય ગાય છે, બચાવવા તે યત્ન કરૂં;
૯ પયના જયના, ૧૦ ક્ષયના ભયના, દઈ પ્રમાણો કહું ખરૂં.
ઠામ ઠામ ગોશાળા બાંધી, એ પ્રાણીને જો પાળે;
પુણ્યમાં, ગુણમાં, કણમાં, ૧૧ વણમાં થાય વધારો તો કાળે.
વિચાર આવો મેંજ કર્યો છે, પાર પાડવા હું જાઉં;
જગનું, ૧૨ ખગનું, દ્રગનું, ૧૩ પગનું, ભલું થાય તો ખુશ થાઉં.

શ્રીમતિ—લાવણી—હે ચાંપરાજ હે ચાંપરાજ—એ રાગની.

છે ધન્ય નાથ (બેવાર) એ ઠીક વિચાર્યું કામ;
રંજન થાઉં શ્રવણ કરી તમ રક્ષણ કરશે રામ.

સેવારામ—છે કુલિન તુજ (બેવાર) પ્રિય સંશય નહીં લગાર.
સકળ નારિઓ આવી હોય તો, સુધરે શું સંસાર !

શ્રીમતિ—હું ભણી ગણી (બેવાર) એ આપ તણોજ પ્રતાપ;
વિચાર સમજી શકું તમારા, પડી હૃદયમાં છાપ.

---

૧ ફોગટ. ૨ તમો ગુણથી, અજ્ઞાનથી. ૩ બીક, શ્વાસ. ૪ દુઃખ. ૫ શરીરની નસો. (ઘી દૂધ વિના ઢીલી પડી ગઈ છે એવી મતલબ છે.) ૬ પ્રીતિ. ૭ ધીરજ. ૮ હિંદુસ્તાન. ૯ દૂધના ગુણ કેવા છે તેના. ૧૦ પશુ વધ જો કાયમ રહેશે તો આપણા જીવતના નાશની કેવી બીક છે તેના. ૧૧ રૂ. ૧૨ પક્ષી. ૧૩ પગ ઢીલા થયા છે તેનું.

સેવારામ—તુજ વચન થકી (બેવાર) પ્રિય થાય મને સંતોષ
શાણી ૧ લલના છે વળી તારો, સ્વભાવ પણ ૨ નિર્દોષ.
શ્રીમતિ—હું નથી પાત્ર (બેવાર) શું આમ વખાણો નાથ;
હું થઈ ૩ કૃતારથ તમે જ્યારથી, પકડયો મારો હાથ.
સેવારામ—છે જ્યાં વિવેક (બેવાર) ત્યાં સ્વર્ગ ૪વિભવનો પાસ;
વિના વિવેકે કર્મ અફળ છે, તનમાં ઉપજે ત્રાસ.
શ્રીમતિ—એ આપ તણી (બે વાર) છે શોભા મારા પ્રાણ;
પરોપકારી પુરૂષ આપ છો, વધુ શું કરૂં વખાણ.
સેવારામ—પ્યારસેં બદલી કયું નજર તોરી—એ રાગમાં.
પ્યારથી દે રજા મને તું પ્યારી (બે વાર.)
શ્રીમતિ—તરત તમે શું નાથ જવાના,
સેવારામ—કેમ ગુમાવું દિવસ મજાના,
શ્રીમતિ—દર્શન ક્યારે કહો થવાના,
સેવારામ—એકજ માસે મળીશ તને હું પ્યારી. પ્યારથી૦
શ્રીમતિ—ધન્ય ધન્ય છે માત તમારી,
સેવારામ—આર્ય તણું છે કામજ નારી,
શ્રીમતિ—ધર્મ ભાવના ઠીક વિચારી,
સેવારામ—ઇચ્છા એવી માનું પ્રભુની પ્યારી. પ્યારથી૦
શ્રીમતિ—આમ કરે જો સર્વ ભણેલા,
સેવારામ—આવે તો દિન સુખના વ્હેલા,
શ્રીમતિ—હજુ એ વિચારો નથી ઠસેલા,
સેવારામ—હાંસી એ થકી થાય હમેશાં પ્યારી. પ્યારથી૦

---

૧ પ્રેમી સ્ત્રી. ૨ નિર્મળ. ૩ પવિત્ર. ૪ સુખ.

શ્રીમતિ—ધર્મગુરૂ છે ઘણા વસેલા,
સેવારામ—લોભી ગુરૂને લાલચુ ચેલા,
શ્રીમતિ—દોકો નરકમેં ઠેલમઠેલા;
સેવારામ—ક્યાંથી એ તું શીખી મજેનું પ્યારી! પ્યારથી૦
શ્રીમતિ—નાથ દેહનું રક્ષણ કરશો,
સેવારામ—જ્યાં પ્રભુ ઈચ્છા ત્યાં પછી ડર શો?
શ્રીમતિ—પ્રથમ આપ ક્યાં પગલું ભરશો,
સેવારામ—† રાજનગરમાં જઈશ અહીંથી પ્યારી. પ્યારથી૦
શ્રીમતિ—ત્યાંથી ક્યાં ક્યાં આપ જવાના,
સેવારામ—ખબર પત્રથી તને થવાના,
શ્રીમતિ—ભલે પધારો સ્વામી દાના,
સેવારામ—વાહ! સમજ તુજ, છો તું વિવેકી પ્યારી. પ્યારથી૦
(સેવારામ ગોરક્ષાનો ઉપદેશ કરવા જાય છે અને રાણી શ્રીમતિ ઘરકામમાં ગુંથાય છે.)

आर्य मंडळ प्रत्ये गाय कहे छे.

બનજારા.

બગડી શું બુદ્ધિ તમારી, દુર્દશા કહું શી મારી—ટેક.
મને યવન હાથમાં સોંપી, તમે લાજ આર્યની લોપી;
કહું કર્મ કથા વિસ્તારી, દુર્દશા કહું શી મારી. બગડી.
જુવો અન્ય દેશમાં આવું, નથી થાતું ખરૂં કહાવું;

---

† અમદાવાદ અથવા જ્યાં ક્ષત્રિય રાજાનું રાજ્ય છે ત્યાં.

હું હવે ગઈ છું હારી, દુર્દશા કહું શી મારી. બગડી૦
મેં નથીજ આવું દીઠું, હું અંબ તરૂ છું મીઠું;
થડ કપાય તેનું ભારી, દુર્દશા કહું શી મારી. બગડી૦
પય છે બલ બુદ્ધિ પ્રદાતા, તેન થોજ પીતાપાતા;
પલભર તો જુવો વિચારી, દુર્દશા કહું શી મારી, બગડી૦
હું ખૂબ પાડું વધસ્થાને, તમે કુચા દીધાકા ને;
શું કરો વૃથા હિશિયારી, દુર્દશા કહું શી મારી. બગડી૦
હું મ્લેચ્છ હાથમાં જાઉં, ત્યાં અંતરમાં અકળાઉં;
મરૂં અંતે હાય પુકારી, દુર્દશા કહું શી મારી. બગડી૦
શું માતા નામ ધરાવ્યું, પણ ફળ નહીં સારૂં આવ્યું;
રે ! વ્યર્થ વલોવો વારી, દુર્દશા કહું શી મારી. બગડી૦
તમે આર્યપણું પણ ખોયું, કુળ સામું નહીં લવ જોયું;
ઉપજ્યા ઉલટા દુખકારી, દુર્દશા કહું શી મારી. બગડી૦
શું વૃથા વાદ્ય વગડાવો, બહુ ગાયન નાચ કરાવો !
શું કર્યા વિજય સુખકારી, દુર્દશા કહું શી મારી. બગડી૦
હું ભટકું ભૂખી તરસી, મુજ હાલત થઇ છે નરસી;
જયમ રાત પડે અંધારી, દુર્દશા કહું શી મારી. બગડી૦
તમે ગુણ મારા સૌ ભૂલ્યા, રે! ખાલિ ખરચમાં ડૂલ્યા;
શું બનો આમ અવિચારી, દુર્દશા કહું શી મારી. બગડી૦
આ દેશ ડૂબતો દેખી, નથી થતો શોક ઉરપેખી;
રે! શું મતિ થઈ છે ખારી; દુર્દશા કહું શી મારી. બગડી૦
તમ જીવન જાયછે ચાલ્યું, તમે આળસમાં ઘર ઘાલ્યું !
એ કેવી બે દરકારી, દુર્દશા કહું શી મારી. બગડી૦
બહુ દહીં દૂધ ઘી ત્યાગી, થઈ સુરા તણા અનુરાગી;

રમજો નિર્લજ અપકારી, દુર્દશા કહું શી મારી. બાગ૦

क्रूर कर्म करनाराने गाय कहे छे.

ઇસ આતસે ઉલફતને એ કયા આગ લગાદી–એ રાહ.

ઓ ક્રૂર તું સંતાપ ના તુજ શૂં એ બળ્યું,
ધિક્કાર વાર હજાર ક્યાંથી જ્ઞાન આ ગળ્યું? ઓ ક્રૂર.
તલવાર ફેંકી ધીર થા જરા વિચારી જો;
શું માનવી આ શું કરે દુર્ભાગ્ય ક્યાં ભળ્યું! ઓ ક્રૂર.
તેં માનવીના વર્ગમાં અવતાર કાં ધર્યો?
પથ્થર પડયો જો હોત તો સુખ થાત સૌ ગળ્યું. ઓ ક્રૂર.
હિંસા નહોતી દેશમાં તે તેં કરી શરૂ,
કહે મને દુખ તારૂં શું એ કામથી ટળ્યું? ઓ ક્રૂર.
કર નેત્ર તારા બંધ એ રે! હું છળી મરૂં,
છે જીવ સરખા સર્વના તુજ ચિત્ત શું ચળ્યું! ઓ ક્રૂર.
સુખ જેમ લાગે છે તને સમ છે તમામનું,
ભય કેમ તું નથી રાખતો કે પાપ શું ફળ્યું? ઓ ક્રૂર.

પ્રવેશ ૩ જો.

સ્થળ—રાજનગરમાં ભરાએલી શ્રોતાઓની સમાજ.

સેવારામ, જય, વિજય અને શ્રોતાઓ.

आर्य मटीने हिन्दु कां थया?

અરે લાલદેવ ઈસ્તરફ જલ્દ આ } એ બન્ને રાગમાં.
કરમકર મેરે હાલપર એ કરીમ }

સેવારામ—મટી આર્ય હિન્દુ ભલા શું થયા?

પરમ સ્થાનનું ભાન ભૂલી ગયા ?
સુખદવેદનો માર્ગ મૂકી દઈ,
કુપાથમાં ફસાયા તમે કયાં જઈ ? !
તમારી થશે ઉન્નતિ આમ શું ?
વિચારો જરા આર્યનું કામ શું ?
દિવસ શું ગુજારો વૃથા ખેદના ?
વિરોધી નહોતા તમે વેદના.
તમે સ્વાર્થની જાળમાં કાં ફસો ?
કરો છો બુરૂં શું પ્રપંચે વસો ?
બિરૂદ આર્યનું ત્યાગવા શું ચહો ?
હસી હિન્દુ શું આપ પોતે કહો ?

गायने केम विसारी !

દિલ રાક્ષસ જેવું ધાર્યું નિર્દય થાતા ન વિચાર્યું—એ રાહ.

जय. विजय.

તુજ આર્ય બિરદ પરવાર્યું, તેં મનથી છેક વિસાર્યું;
તેં ઘર પોતાનું માર્યું, શું કર તું વગર વિચાર્યું;
કેળવણી નહીં ઘરની સારી, વેદ વિરોધી વાત વધારી;
પ્રથમ બણ્યો તું સ્વેચ્છાચારી, પરણ્યો ત્યાં ઘર આવી પ્યારી,
પછી થયો તું તો સંસારી, નાત જાતની રીત નડારી,
તેમાં તું ગુંચવાયો ભારી, ખોટા ખરચે ગયોજ વારી,
મેણા પણ મારે બહુ નારી, પડે જખમ અંતરમાં કારી,
સુખમાં દુખનો ભાસ વિચારો, શમી ગઈ હિમ્મત પણ તારી,

ગામરતામાં હાય પુકારી, પછી નજર થઈ સાવ વિકારી;
જન્મ ગયો માનવનો હારી, પરમ પૂજ્ય ગો માત વિસારી–તુજ.

ગાયનો ઉપકાર ભૂલી ગયા ?

ભૈરવીની ગજલ.

ચંદ્રમુખીને એકલી છોડીને હું આવ્યો અહીં—એ રાગ.

સેવારામ—મરતી બચાવો ગાયને, પી દૂધ શું ભૂલી ગયા !
કહીને માત જીભથી, કૃતઘ્ન શું હવે થયા—મરતી.
જનેતા દૂધ પાય છે, બહુ તો વર્ષ બે લગી;
પરંતુ ગાય તો હમ્મેશ, પાય છે ધરી દયા—મરતી.
પ્રભાતમાંજ બાલકો, દહીં કે દૂધ માગશે,
ક્યાંથી આપશો પછી, એ કામધેનુ કે જયા—મરતી.
તમારી સ્હાય જે કરે, તમે શું તેની ના કરો !
બતાવો એવું હોય તો લખ્યું છે શાસ્ત્રમાં કયા-મરતી.

શું આ ધિક્કારવા લાયક નથી ?

પાપીચુપ પાપીચુપ—એ રાહ.

જય વિજય—છે ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કારરે—ટેક.
સોના દાન જ્યાં નિદાન થાતા તે મહાનસ્થાન માંય
ગાયને હેરાન કરે હાયરે હેવાન ભૂલીભાન વળીજ્ઞાન;
છોડી પયતણું પાન લેછે હાય એનો જાન એછે
કેવું અપમાન કેવાક્રૂર એ નાદાન નહીં શુદ્ધ અનેસાન
મ્હોટું પાપનું નિશાન શું છે બ્હેરા બેયકાન થાયમહા

નુકસાન કેવું અવળું એ તાન આપો કાંઇ હવે ધ્યાન
નહીં તો મુલક વેરાન થાશે રાનના સમાન-છે ધિક્કાર

તમે તો ગોબ્રાહ્મણ પ્રતિપાલ હતા ? !

કહું શું નસીબે દુખીઓ કીધો છે } એ રાહ.
ઇસ તન ધનકી કોન બડાઇ }

સેવારામ—ગો બ્રાહ્મણ પ્રતિપાળ ગણાયા,
વિદેશમાં પણ આર્ય મનાયા— ગો બ્રાહ્મણ.
તેના તનુજ તમે થયા કુસંગી,
ચિત્ત ચલિત અપવાદ કમાયા— ગો બ્રાહ્મણ.
શુદ્ધ વિચારો કરી નથી શકતા,
મગજ તમારા છેક ઘસાયા— ગો બ્રાહ્મણ.
પૂર્વ પ્રશંસા મૂકી વ્હેતી,
અન્ય તણા ગુણ મુખથી ગાયા— ગો બ્રાહ્મણ.
દેશ સુધારક નામ ધરાવી,
સ્વાર્થ સાધવા સઘ તણાયા— ગો બ્રાહ્મણ.
બિરદ આર્યનું ભ્રમમાં ભૂલ્યા,
કલ્પિત મતમાં ઝટ બંધાયા— ગો બ્રાહ્મણ.
નાત જાતમાં નામી બનવા,
ખોટે ખરચે ખૂબ ખવાયા— ગો બ્રાહ્મણ.
દીન ગાયનું રક્ષણ કરવા,
ઉત્સાહી નર કોઈ જણાયા— ગો બ્રાહ્મણ.

जरा विचार तो करो !

શમ્ભુ કહો જેહ મુજ પિતાનો એહ—એ રાહ.

જય વિજય—કરી જો વિચાર, નહીં થા ગમાર, હવે નહીં હાર—
છો સુજાણરે સુજાણ.
વિશેષે વધાર, ખરા જે પ્રકાર. કુધારા નિવાર—
છો સુજાણરે સુજાણ.
ખોટી ખરચાળ, રૂઢિને પ્રજાળ, નિરાધાર પાળ—
છો સુજાણરે સુજાણ.
તજી તારૂં તાન, ધરી ખરૂં ધ્યાન, મારી વાત માન—
છો સુજાણરે સુજાણ.
છોડી પતરાજ, કરી જો ઇલાજ, થશે દેશ કાજ—
છો સુજાણરે સુજાણ.

सुख ते क्यांथी मळे ?

કાફી—ત્રિતાળ—ફાગનકે દિન ચાર—એ રાહમાં.

સેવારામ—કેમ કરી સુખ થાય, નિહાળો જાગૃત થઇને મૂઢ બણ્યા શું—કેમ.
ભાંડ ભવાયા રમત રમે ત્યાં, જોવા તરત જવાય—નિહાળો.
માદક લોટો ‡ લીલાગરનો, પ્રીત ધરીને પીવાય—નિહાળો.
લગ્ન સમે બહુ કરજ કરીને, વાજાં વગડાવાય—નિહાળો.
નીચ મમતથી જઇ દરબારે, અંતે ધન ખરચાય—નિહાળો.
આર્યખંડમાં આર્ય હાથથી, પાખંડી પૂજાય—નિહાળો.

गायनुं जीवन केवुं अमूल्य छे ?

મામાએ ક્રોધજ કીધો—એ રાહમાં.

---

‡ ભાંગ.

જયવિજય—પય પાનારી ગો માતા, ગુણ જેના નથી ગવાતા:
જે છે બલ બુદ્ધિ દાતા, અરે તે, કૂરને,
રે ! *કરે કપાતી જાય, જુલમ બહુ હાય—
થાય શું શાતા—પય પાનારી ગો માતા.
આર્યભૂમિના બાળકો, જેનું જપતા નામ;
પૂજન કરતા પ્રેમથી, સમજીને સુખધામ;
સુખધામ, છતાં બધ ઠામ, જાય એ આમ—અરે તે.
જે જ્ઞાન સૌ આર્યનું, પ્રથમ થકી સમજાય;
ઘાસ વિના તે ગાયની, કાયા પણ કરમાય,
કરમાય, કેમ મનમાંય. અસર નહિ થાય—અરે તે.
વૃથા ખર્ચમાં મમતથી, બનો છોજ તૈયાર;
પણ ગોનું રક્ષણ તમે, નથી કરતા ધરી પ્યાર;
ધરી પ્યાર, કરો કંઇ વ્હાર, ધર્મ અનુસાર—અરે તે.
નાશ થયો ને થાય છે, ચેતો મારા વીર;
નહીં ચેતો તો નેત્રથી, બહુ બહુ ઝરશે નીર;
બહુ નીર, જતાં ગઇ ધીર, પછી ક્યાં ક્ષીર—અરે તે.
જમણવારના સ્થાનકો, જ્ઞાતિ દીઠ બંધાય;
પણ ગોશાળા બાંધતાં, કંપે છે નિજ કાય !
નિજ કાય, પુષ્ટ શું થાય, કોણ પય પાય ! અરે તે.
ઢોંગ સોંગ ને માનમાં, બહુ પૈસા ખરચાય;
પણ ગોપાળનમાં જરા, જીભ નહી વપરાય;
વપરાય, નાયકા ક્યાંય, ગાન જો ગાય—અરે તે.

---

* હાથે.

આર્ય હતા પણ હિંદુનું, નામ ધરાવ્યું હાલ;
ચડ્યા નહીં ઉતરી ગયા, શું આવ્યો ‡ કળિકાળ !
કળિકાળ, પાથરે જાળ, વધારે ઝાળ ! અરે તે.

चेतवणी.

પ્યારા મારા અહો—એ રાહ.

સેવારામ—વિવેકી આર્ય થા, સુમાર્ગમાં તું જા;
વેદ *સનાતન ધર્મ ગણી ગુણ મુખથી તેના ગા—ટેક.

લખ્યું વેદમાં રક્ષણ ગોનું, અન્ય જીવનું એમ;
સ્વારથ, ભ્રાંતિ, કપટ–ક્રિયામાં, ગયોજ ભૂલી કેમ ! વિવેકી.

કલ્પિત મતને કોટે બાંધ્યા, બગડ્યું તેથી બીજ;
લોકલાજમાં થયો દિવાનો, જાણે આર્ય નથીજ. વિવેકી.

જર, જોરૂ ને જમીનમાં તું, અંધ બણ્યો અજ્ઞાન;
છે ચળ તેને નિશ્ચળ માની, ખૂબ થયો મસ્તાન. વિવેકી.

પામરની પેઠે શું ભટકે, કર તું લેશ વિચાર;
પ્રાણિ માત્રમાં શ્રેષ્ટ સમજ તું, માણસનો અવતાર. વિવેકી.

ગાયત્રી સંધ્યા તું ભૂલ્યો, ભૂલ્યો પ્રાણાયામ;
સારી બુદ્ધિ હોય ક્યાંથી જ્યાં, નહીં વેદનું નામ. વિવેકી.

કરણી તેવી પાર ઉતરણી, એ કહેવત ઉરધાર;
ચેત ચેત તું ચેત હવે તો, જો તું સત્ય લગાર. વિવેકી.

---

‡ કલહ સંયોગ. કુસંપ. *મૂળ.

इश्वर स्तुति.

બિભાસ.

અગ્નિરે દેવા પ્રભુ અગ્નિરે દેવા—એ રાહમાં.

સર્વે મળીને—દીનોના બેલીરે, પ્રભુ દીનોનારે બેલી;
ગાયને નિભાવો પ્રભુ દીનોનારે બેલી—ટેક.
આર્યો ગયા હામ હારી, આશા હવે એક તારી;
પ્રભુ માગું સ્હાય તારી, કરો બ્હાર વ્હેલી. દીનોના.
પશુ કંઠે ઘાવ કારી, દેવા પડે હાય ભારી!
વ્હાલા તમે લ્યો ઉગારી, પ્રાર્થના એ પ્હેલી. દીનોના.
આવા મહા પાપ કાપો, ઉચ્ચ મતિ એને આપો;
આર્યનો સન્માર્ગે સ્થાપો, રેલો કૃપા રેલી. દીનોના.

ગીતિ.

કર રક્ષણ પ્રભુ ગોનું, બે કર જોડી પાય તને લાગું;
ઉદય આર્યનો કરવા, કર કરૂણા એ વિનયવડે માગું.

સુમારે અઢીસો પૃષ્ટનું મ્હોટું પુસ્તક.

જુવાન માણસોને સદુપદેશ.

લખનાર.

વૈદ્ય જટાશંકર લીલાધર ત્રિવેદી.

ગુ. આ. ઔષધશાળા—**અમદાવાદ.**

ઇંગ્લાંડના પ્રસિદ્ધ વિદ્વાન વિલ્યમ કૉબેટનાં અંગ્રેજી પુસ્તકના આધારથી દેશકાળાનુસાર રચેલું આ પુસ્તક અમદાવાદ **સત્ય શોધક મંડળી** તરફથી થોડીજ મુદતમાં છપાઈ બહાર પડશે. ગૃહસંસારરૂપી નવી શાળામાં પ્રવેશ કરનાર જુવાન વર્ગ પોતાની જૂદી જૂદી અવસ્થામાં જૂદા જૂદા પ્રસંગોમાં, સ્નેહી સંબંધીઓમાં, કુટુંબમાં અને મિત્રમંડળમાં કેવી રીતે વર્તવું જોઇએ તે આ પુસ્તકનો મુખ્ય વિષય છે. આવાં ઉપદેશી પુસ્તકોની ગુજરાતી ભાષામાં ખોટ છે, જે આ પુસ્તકથી કેટલેક દરજ્જે પુરી પડવાનો સંભવ છે. માબાપોની બેદરકારીનો લાભ લઈ જુવાનીઆઓ કેટલીકવાર એવી ભૂલો કરે છે કે તે ભૂલો તેમને જીંદગી સુધી પસ્તાવાનું કારણ થઇ પડે છે, માટે પોતાના ઉગતી વયના તરૂણ પુત્રોના હાથમાં પહેલોજ તકે આવાં ઉપદેશનાં પુસ્તકો આપવાં એ દરેક શુભેચ્છક માબાપનો ધર્મ છે. કિમ્મત રૂ. ૧–૮—૦ રાખી છે, તો પણ અગાઉથી નામ નોંધાવનાર પાસેથી રૂ ૧—૦—૦ લેવાનો ઠરાવ રાખ્યો છે. ગ્રાહક થનારે પોતાનાં નામ **ગુ. આ. ઔષધશાળામાં** અથવા **સત્ય શોધક મંડળીના** વ્યવસ્થાપક મારફત નોંધવવાં. **મુ. અમદાવાદ.**

आरोग्य रहेवाना उपाय.

(લખનાર–વૈદ્ય જટાશંકર લીલાધર. " ગુજરાત આર્ય ઔષધશાળા " અમદાવાદ)

આ નાનકડા પુસ્તકમાં મંદવાડનાં કારણો અને તે અટકાવવા માટે હવા, પાણી, ખોરાક, કપડાં, કસરત, વગેરે ઘણી એક જાણવા જેવી બાબતોના સંબંધમાં નિરંતર ધ્યાનમાં રાખવા જેવી સૂચનાઓનો સંગ્રહ કરેલો છે. શારીર સુધારણા માટે આવાં પુસ્તકોની ખોટ છે, જે આવાં નાનાં નાનાં પણ અતિ ઉપયોગી પુસ્તકોથી પૂરી પડી શકશે કિંમત માત્ર બે આના. રીચીરોડપર ઔષધશાળામાં અથવા સત્યશોધક મંડળીના વ્યવસ્થાપકને લખવાથી મળશે